# બટાકાના ભાવ તળીયે જતા ખેડૂતોને આપઘાત કરવાનો વારો

## સરકારે નિકાસની નીતી અંગે યોગ્ય નિર્ણય લેવો જોઈએ

(જીતુભાઈ પટેલ) મોડાસા, તા.૧૬

અરવલ્લી જિલ્લાના ખેડૂતોએ મસમોટી આશાઓ સાથે બટાકાના




(તસવીર : સમીર બલોચ, મોડાસા)

પાકનું વાવેતર કર્યું છે. પરંતુ આ આશાઓ ઠગારી નિવડે તેવી દુર્દશા અત્યારના સંજોગોમાં ખેડૂતોની થઈ છે ખેડૂતો માટે બટાકાની ખેતી ફજેતી સમાન પુરવાર થઈ રહી છે તેમાંય કમોસમી માવઠાએ તો ખેડૂતોના હાલ બેહાલ કરી નાખ્યા છે બીજી તરફ રાજય સકાર પણ બટાકાના ભાવ મુદ્દે કોઈ જ ચોકકસ નીતી નક્કી કરવામાં નિષ્ફળ રહેતા ખેડૂતોના હમદર્દ બનવાની કોશિશ કરતા નેતાઓ સામે પણ ખેડૂતોમાં રોષ જોવા મળી રહ્યો છે ત્યારે સરકાર બટાકા પકવતા ખેડૂતો માટે કોઈ ચોકકસ નીતિ જાહેર કરે તેવી કિસાન સંઘ દ્વારા માંગ કરાઈ છે.

અરવલ્લી જિલ્લામાં ગત વર્ષ બટાકાનો ભાવ સપ્રમાણ મળી રહેતા ચાલુ વર્ષે ખેડૂતોએ વિપુલ પ્રમાણમાં બટાકાનું વાવેતર કર્યું છે. બટાકાના વાવેતર માટે ખેડૂતોએ મોંઘાદાટ બિયારણ, દવા અને ખાતર તેમજ મજુરી માટે પણ વ્યાપક ખર્ચ કરી સારા ઉત્પાદનની આશા રાખી હતી. ઉત્પાદન તો ચાલુ વર્ષે સારું એવું થયું છે પરંતુ તાજેતરમાં જ પડેલા કમોસમી માવઠાએ ખેડૂતોના હાલ ખરાબ કરી નાખ્યા છે. હાલમાં ખેડૂતોને બટાકાના પોષણક્ષમ ભાવ ન મળતા ખેડૂતોને ખર્ચ પણ માથે પડે તેવી સ્થિતિ સર્જાઈ છે ત્યારે ખેડૂતો પણ સરકાર પાસે આશા રાખી રહ્યા છે આ માટે ચોકકસ નીતિ નક્કી કરી ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે તેવી માંગ કરી રહ્યા છે.

આ વર્ષ બટાકાએ ખેડૂતોને બેહાલ કરી નાખ્યા છે. ચાલુ વર્ષે બટાકાનું જિલ્લામાં વિપુલ પ્રમાણમાં



ઉત્પાદન થયું છે. જયારે ચાલુ સાલે ભાવ પણ મણના ૭૦થી શરૂ થયા છે જેથી ભાવમાં પણ ખેડૂતોને મોટો ફટકો પડી રહ્યો છે અને કમોસમી માવઠાના કારણે બટાકામાં બગાડ પણ થયો છે ત્યારે ખેડૂતો માટે સરકાર દ્વારા નિકાસની નીતિ પણ ચોકકસ રીતે નક્કી કરીને ખેડૂતોને સ્થાનિક બજારમાં પણ પોષણક્ષમ ભાવ મળે તે માટે સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં નિર્ણય લેવાય તે જરુરી છે જેથી સરકાર દ્વારા જગતના તાતને બે પાંદડે કરવા માટે બટાકાની નિકાસ શરુ કરવામાં આવે તેવી ભારતીય કિસાનસંઘ દ્વારા માગણી કરવામાં આવી રહી છે.

કપાસની ખેતીમાં ખેડૂતોએ મોટું નુકશાન વેઠી માંડ માંડ સરસાઈ મેળવી છે ત્યાં જ બટાકાની ખેતીમાં સરકારની નીકાસ નીતી તેમજ કુદરતી પ્રકોપના કારણે નુકશાન વેઠવું પડયું છે. સરકારે ખેડૂતોની સાચી ચિંતા રાખી ચોકકસ નીતિ ઝડપથી અપનાવાય તે જરુરી છે. હાલ સરકાર દ્વારા બટાકા પકવતા ખેડૂત માટે ઢીલી નીતિ સામે કોંગ્રેસ રોષ વ્યકત કરી રહી છે ત્યારે આ મામલે સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં નિર્ણય તાકીદે લેવાય તે જરુરી છે.

ચાલુ વર્ષે અરવલ્લી જિલ્લામાં હજારો હેકટરમાં ખેડૂતોએ સારા ઉત્પાદનની આશાએ બટાકાના પાકનું વાવેતર કર્યું છે ત્યારે કમોસમી માવઠાએ ખેડૂતોને પડતા પર પાટુ જેવી દશા કુદરતે સર્જી દીધી છે. હાલમાં સ્થાનિક બજારોમાં બટાકાના ભાવ સાવ તળિયે બેસી ગયા છે ત્યારે ખેડુતો સરકાર પાસે ચોકકસ નીતિ નક્કી કરી ખેડૂતોના હિતમાં નિર્ણય લઈ પોષણ ક્ષમ ભાવ મળે તે માટે આશા રાખી રહ્યા છે.

## મોડાસામાં કર્ણાવતી ફાસ્ટફૂડની દુકાનમાં આગ લાગતાં દોડધામ

(જય અમીન) મોડાસા, તા.૧૬

મોડાસા શહેરના ચાર રસ્તા પર આવેલા બાજપાઈ શોપિંગ સેન્ટરમાં આવેલી કર્ણાવતી ફાસ્ટ ફૂડ નામની એક દુકાન આવેલી છે. તેમાં રવિવારે સાંજના ૭.૩૦ કલાકની આસપાસ ગેસના બાટલામાંથી ગેસ ગળતર થવાના કારણે અથવા અગમ્ય કારણોસર આગ લાગી હતી. અચાનક દુકાનમાં આગ લાગતાં ધૂમાડાના ગોટે ગોટા નિકળતાં ફાસ્ટફૂડની લિજ્જત માણતા અને ચાર રસ્તા પર ઉભેલા લોકોમાં દોડધામ મચી ગઈ હતી. આગ લાગવાની ઘટનાની જાણ મોડાસા નગરપાલિકાના ફાયર ફાઈટર સ્ટાફને થતા તેઓ ઘટનાસ્થળે ફાયર ફાઈટર સાથે ધસી જઈ દુકાનમાં પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવામાં સફળતા મેળવી હતી. અચાનક લાગેલી આગના કારણે શેપીંગ સેન્ટરમાં દુકાન ધરાવતા દુકાનદારોમાં ચિંતા પ્રસરી ગઈ હતી અને અચાનક લાગેલી આગથી ગભરાઈ ગયા હતા. દુકાનમાં લાગેલી આગ ગેસ ગળતરના કારણે જ શકય બની હોય તેવું જણાતું હતું. આ ગેસ ગળતર કેવી રીતે થયું એ તપાસનો વિષય છે.



શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્યશ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં શ્રી સ્વામિનારાયણ મંદિર, મોખાસણ (કલોલ પાસે)ના રજત પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે સર્વ જીવ હિતાવહ રેલી યોજાઈ હતી તે પ્રસંગની તસ્વીર)

## વિદ્યાર્થીઓને રડાવ્યા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લામાંથી ૩૦૦૦૫ પૈકી ૨૯૫૬૬ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. જયારે ૪૩૯ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. ગણિતના પ્રશ્નપત્ર અંગે વિષય નિષ્ણાંત પરેશ દવેએ જણાવ્યું હતું કે પેપરમાં ૩૫ ટકા પ્રશ્નો જ ટેક્ષ બેઈઝ હતા ૬૫ ટકા પ્રશ્ન ટવીસ્ટ કરીને પુછાયા હતા પેપરનો ભાગ સી અને ડી સરળ હતા જયારે ક્રીકેટનો દાખલો પણ સામાન્ય જ્ઞાન કસોટી આધારિત હોવાથી વિદ્યાર્થીઓને ઉત્તર આપવામાં વિશેષ મુંઝવણ થઈ હતી.

# જિલ્લામાં ૧૧૦૩૭ શૌચાલય તૈયાર : ૧૫૭૫૮નું કામ બાકી

## બે વર્ષમાં ૨૬૭૯૫ શૌચાલયો બનાવવા મંજૂરી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સ્વચ્છ ભારત મિશન અન્વયે ૨૬૭૯૫ શૌચાલયોને મંજૂરી આપવામાં આવી છે. આ પૈકી ૧૧૦૩૭ શૌચાલયોનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે, જ્યારે ૧૫૭૫૮નું કામ બાકી છે.

કલોલના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં ગ્રામ વિકાસ મંત્રીએ જણાવ્યું હતું કે જિલ્લામાં બે વર્ષમાં ગાંધીનગર તાલુકામાં ૬૦૩૨, કલોલ-૪૬૦૯, માણસા-૬૦૦૧ અને દહેગામ તાલુકામાં-૧૦૧૫૩ શૌચાલયો મંજૂર કરવામાં આવ્યા છે. આ પૈકી ૧૫૭૫૮ શૌચાલયોનું કામ બાકી છે. જેમાં ગાંધીનગર તાલુકામાં-૩૩૦૦, કલોલમાં-૨૨૫૯, માણસામાં-૩૩૪૯ અને દહેગામમાં ૬૮૫૦ શૌચાલયોનું કામ બાકી છે.

ગાંધીનગર જિલ્લામાં નિર્ણળ ભારત અભિયાન તથા સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ) હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં જે અન્વયે ગાંધીનગરમાં ૨૭૩૨, કલોલ-૨૩૫૦, માણસામાં-૨૬૫૨ અને દહગામ તાલુકામાં ૩૩૦૩ શૌચાલય બનાવવામાં આવ્યા છે. આમ જિલ્લામાં ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કુલ મળીને ૧૧૦૩૭ તૈયાર કરાયા છે.

જ્યારે મહેસાણા જિલ્લામાં બેચરાજી તાલુકામાં ૨૬૬૫, કડી-૩૪૦૨, ખેરાલુ-૧૬૨૪, મહેસાણા-૧૧૪૨, સતલાસણા-૨૭૯૯, ઉંઝા-૧૩૦૩, વડનગર-૧૧૪૨, વિજાપુર તાલુકામાં-૨૧૪૨, જ્યારે વિસનગર તાલુકામાં ૨૭૩૧ શૌચાલય બનાવવામાં આવ્યા હતા. આમ મહેસાણા જિલ્લામાં ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ૨૧૯૩૭ શૌચાલય બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

વધુમાં તેમણે જણાવ્યું કે, આ કાર્યક્રમ હેઠળ ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ શૌચાલય લાભાર્થીએ જાતે બનાવવાના હોય છે તેથી લાભાર્થીઓને પ્રોત્સાહિત કરી શૌચાલય બનાવવાની કામગીરી સત્વરે પૂર્ણ કરવામાં આવશે.

### ● ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં ૭૮ સ્વ-સહાય જૂથો કાર્યરત

ગ્રામીણ વિકાસ મંત્રી જયંતિભાઈ કવાડિયાએ જણાવ્યું હતું કે રાજયના મુખ્યમંત્રી આનંદીબહેન પટેલના મહિલા સશક્તિકરણના વર્ષ તરીકે ઉજવવાના હેતુસર મહિલાઓના સર્વાંગી વિકાસ કરવા તેમજ આર્થિક ઉપાર્જનને બળ આપવા રાજ્ય સરકાર જેમ બને તેમ વધુ સ્વ-સહાય જૂથોની રચના થાય તે માટે સતત પ્રયત્નશીલ છે. તેરમી વિધાનસભાના છટ્ઠા સત્રમાં આજે એલીસબ્રીજના ધારાસભ્ય રાકેશભાઈ શાહ દ્વારા માણસા તાલુકામાં સ્વ-સહાય જૂથોની રચના કરવા અંગેના પૂછવામાં આવેલા પ્રશ્નના પ્રત્યુત્તર આપાતં મંત્રી જયંતિભાઈ કવાડિયાએ જણાવ્યું હતું કે, માણસા તાલુકામાં વર્ષ-૨૦૧૪-૧૫માં ૧૬૦ સ્વ-સહાય જૂથો રચવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તેની સામે તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ૭૮ સ્વ-સહાય જૂથોની રચના કરવામાં આવી હતી અને તે પૈકીના ૧૦ સ્વ-સહાય જૂથોને રીવોલ્વીંગ ફંડની રકમ પણ આપવામાં આવી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

### ● આર.ટી.ઈ.એક્ટ અન્વયે ૩૪ પ્રા. શાળામાં પ્રવેશની જગ્યા ખાલી

ગાંધીનગર જિલ્લામાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ શાળા પ્રવેશ અન્વયે પુરતી અરજીઓ ન મળતા ૩૪ પ્રાથમિક શાળાઓમાં જગ્યા ખાલી રહેવા પામી છે. કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે આર.ટી.ઈ. એક્ટ હેઠળ જિલ્લાની ૩૪ શાળાઓમાં પ્રવેશની જગ્યા ખાલી છે. પ્રવેશ માટે અરજીઓ પુરતી ન મળવાથી માંગણીના અભાવે જગ્યા ખાલી છે.



**વિધાનસભામાં ગાંધીનગર**

- ધનંજય જોષી

### ● રેશનકાર્ડ માટેની ૭૨૨ અરજીઓ આધાર-પુરાવાના અભાવે રદ


ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં નવા રેશનકાર્ડ માટે કુલ ૫૫૭૮ અરજીઓ મળી છે. ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યના પ્રશ્નના જવાબમાં પુરવઠા મંત્રીએ જણાવ્યું હતું કે એક વર્ષમાં મળેલી આ અરજીઓ પૈકી કુલ ૪૮૫૬ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. જ્યારે ૭૨૨ અરજીઓ અરજદારો તરફથી આધાર-પુરાવા રજુ ન થતા રદ કરવામાં આવી છે.

### ● ગાંધીનગર જિલ્લામાં ઇન્દિરા આવાસોને મંજૂરી જેમાં ૧૦૨ મહિલા લાભાર્થી

ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર દ્વારા આજે ગાંધીનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસો બનાવવા અંગે પુછવામાં આવેલા પ્રશ્નના પ્રત્યુત્તર આપતાં ગ્રામ વિકાસ રાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ઈન્દિરા આવાસ યોજના હેઠળ વર્ષ-૨૦૧૪-૧૫ અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ૨૨૫ આવાસો બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ૨૨૫ આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપી છે.

વધુમાં ઈન્દિરા આવાસ હેઠળ આપવામાં આવેલા ૨૨૫ આવાસમાંથી ૧૦૨ આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી હોવાનું પણ ઉમેર્યું હતું.

## શબ્દાવલી - ૫૬૭૨



### આડી ચાવી

૧. વરસાદમાં આકાશમાં સપ્તરંગી અર્ધવર્તુળ આકાર સર્જાય તે (૫)

૪. પાણીમાં ગુંગળાતા બચવા કરાતા પ્રયાસ... ખાવા (૩)

૬. નીતિ બતાવતો નિયમ(૫)

૧૦. પરિશ્રમ (૪)

૧૧. પપ્પાના બા ને... કહેવાય (૨)

૧૩. પ્રવાહી (૨)

૧૫. બોમ્બેમાં આવેલ એક ફિલ્મ સ્ટુડિયો (૫)

૧૭. પાર્ટ, નાટકમાં ભાગ ભજવે તે (૨)

૧૯. પાણી ભરવાનું પાત્ર (૨)

૨૦. સ્વાર્થી (૪)

### ઊભી ચાવી

૧. ભીડ, લોકોનું ટોળું (૩)

૨. શુદ્ધ લોહીની નસ (૩)

૩. પાકુ, પુખ્ત (૨)

૫. ગુજરાતનો એક દેશપ્રદેશ(૪)

૭. બાણાવળી (૪)

૮. જમ, મૃત્યુનો દેવ (૨)

૯. મુદ્દત, સમય (૪)

૧૨. પુત્ર, સંતાન (૩)

૧૪. સહેલું (૩)

૧૫. સાપનું દર (૩)

૧૬. દવા, ગુમડા પર ચોપડાય (૩)

૧૮. ભરતીયુ (૨)

### શબ્દાવલી ૫૬૭૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) મનસુબો (૩) ગગન (૬) જડભરત (૮) સ્વીકૃતિ (૧૧) મીરા (૧૨) ત્યકતા (૧૪) મસ્તક (૧૭) ડરકણ (૧૯) ગરમ (૨૧) ખાજ (૨૨) મજા (૨૩) જરદો (૨૪) ઇજાજત (૨૫) ખીર

**ઊભી ચાવી :-** (૧) મનસ્વી (૨) બોજ (૩) ગભરામણ (૪) ગર ૬૫) નત (૭) ડમી (૯) કૃત્ય (૧૦) તિકડમ (૧૩) તાર (૧૫) તિકડમ (૧૩) તાર (૧૫) કરજદાર (૧૬) ઉગમ (૧૮) કમુરત (૨૦) રજાઇ (૨૩) જજ

## ખેડૂતોના મામલે હોબાળો

● અનુસંધાન પહેલાનું ચાલુ

જણાવ્યુ હતુ કે ખેડૂત બિચારો બાપડો બન્યો છે અને હવે તેને માટે આપઘાતનો જ માર્ગ સરકારે ખુલ્લો રાખ્યો હોય તેવુ લાગે છે. તેમણે ખેડૂતોના મુદ્દે ચર્ચા કરવાનો આગ્રહ રાખ્યો હતો.

અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવાએ જણાવ્યું હતું કે ૧૧૬નો પ્રસ્તાવ કમોસમી વરસાદથી નુકશાનના મુદ્દે દાખલ કરી દેવાયો છે. એ પ્રસ્તાવ જ્યારે રજુ થાય ત્યારે આપને વિસ્તૃત ચર્ચા કરવા દેવામાં આવશે આજે આ બાબત અસ્થાને છે તેવુ કહી વિપક્ષના આક્રમણને હળવુ કરવાનો પ્રયાસ કર્યો હતો પણ વિપક્ષ તે મૂડમાં ન હતો.

કોંગ્રેસના ધારાસભ્યો વેલમાં ધસી આવ્યા હતા તેમજ પ્લેકાર્ડ સાથે સૂત્રોચાર ચાલુ રાખ્યા હતા.

આથી વિધાનસભાગૃહના અધ્યક્ષ શ્રી ગણપતભાઈ વસાવાએ કોંગ્રેસના જે સભ્યો પ્લે કાર્ડ બતાવી દેખાવો કરી રહ્યા છે તેમજ વેલમાં ધસી આવ્યા છે તે બધાને ગૃહમાંથી દૂર કરવા સાર્જન્ટને આદેશ કર્યા હતા.

અધ્યક્ષશ્રીના આદેશને પગલે સાર્જન્ટોએ ગૃહમાંથી વિપક્ષના ૩૫ થી વધુ સભ્યોને દૂર કર્યા હતા. આ પછી વિપક્ષના નેતા સહિત કોંગ્રેસના વરિષ્ટ સભ્યો આક્ષેપો કરી નિકળી ગયા હતા.

આજે કોંગ્રેસ પક્ષે ખેડૂતોના મુદ્દે સરકારને ભીંસમાં લેવાની અણધારી નીતિ અમલમાં મુકી હતી.

વાઘેલા આવ્યા હતા અને જણાવ્યું હતું કે ખેડૂતો માટે સરકાર થોડી પણ લાગણીશીલ હોય તો એ બટાકાનો સવાલ હોય, માવઠાનો સવાલ હોય કે રોઝ અને ભૂંડનો સવાલ હોય તો શૂન્ય કાળમાં તેની ચર્ચા અમે માંગી હતી તે આપી હોત તો કોઈ તકલીફ ના હોત.

આ તબક્કે જ કોંગ્રેસના સભ્યો મહેન્દ્રસિંહ બારૈયા, અમીત ચૌધરી, હર્ષદ રિબડીયા, મહેન્દ્રસિંહ વાઘેલા, તેજશ્રીબેન પટેલ, જોઈતાભાઈ પટેલ, બળદેવજી ઠાકોર સહિતના સભ્યો સૂત્રો લખેલા પ્લેકાર્ડ સાથે ઉભા થઈ ગયા હતા અને ત્યાર પછી ગૃહમાં ધાંધલ-ધમાલના દશ્યો ઉભા થયા હતા.

રાજયમંત્રીશ્રી હચુભાઈ ખાબડે કોંગી સદસ્યા શ્રીમતિ રાઠોડના મુદ્દે સ્પષ્ટતાઓ કરતાં જણાવ્યું હતું કે ૨૦૧૧-૧૨થી અરજીઓ ધ્યાને લઈએ તો ૪૧૨ અરજીઓ બાકી હતી જેપૈકી ૧૫ મંજૂર કરવામાં આવી છે. ૧૧૧ અરજીઓ મંજૂર કરી દેવાઈ છે અને ૨૮૬ અરજીઓ બાકી છે તે ચાલુ વર્ષમાં મંજૂર કરાશે પણ મંત્રીશ્રીના જવાબ બાદ મામલો વધુ બિચક્યો હતો અને ગૃહને મુલ્તવી રાખવા સુધીની નોબત આવી પહોંચી હતી.

## માસ્ટર પ્લાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માંસુચિત ૩.૯૫ કરોડની પુરાંત રહેશે. આ સાથે ગુડાની કુલ પુરાંત રૂ. ૧૯૪.૮૨ કરોડની રહેવાનો અંદાજ છે. ગુડા દ્વારા આગામી વર્ષને ધ્યાને લઈ વિવિધ નગર રચના યોજના હેઠળ માર્ગોના નિર્માણ માટે ૧૫ કરોડ, ટીપી સ્કીમ નં. ૪ થી ૯ અને ટીપી-૧૯માં ભૂગર્ભ ગટર વ્યવસ્થાની બાકી કામગીરી તેમજ ટી.પી. ૭, ૧૧, ૧૩, ૧૬, ૧૮ સહીતના વિસ્તારને આવરી લઈ ભૂગર્ભ ગટર વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવા માટે રૂ. ૧૦ કરોડની જોગવાઈ સૂચવવામાં આવી છે. ગુડા વિસ્તારમાં નર્મદાનું શુધ્ધ પાણી ઉપલબ્ધ થાય તે માટે રૂ. ૨૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત આવાસ યોજનાના કામોને અનુલક્ષી બીજો તબક્કો શરુ કરવા પણ નિર્ણય લેવાયો છે.જેમાં એલ.આઈ.જી-૧ને બાકી કામગીરી માટે રૂ. ૨૫ કરોડ અને એલ.આઈ.જી.૨ પ્રકારના મકાનો માટે ૧૫૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. એમ.આઈ.જી. આવાસ યોજના માટે પણ સર્વે હાથ ધરી કામ શરુ કરવામાં આવશે. આ ઉપરાંત નાઈટ શેલ્ટર નિર્માણ માટે ૧૫૦ લાખ, ઈલાલ પેટીના નિર્માણ તેમજ ટીડીંગ સેન્ટર માટે ૧.૫૦ કરોડ બાગ-બગીચા માટે ૩ કરોડ, સ્વર્ણિમ સાંસ્કૃતિક કેન્દ્રના ભાગ-૨નું કામ હાથ ધરવા ૨ કરોડ મુકિતધામના વાહન માટે રૂ. ૧૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત સત્તા મંડળના વહીવટી અને મહેસૂલી ખર્ચ માટે રૂ. ૨.૯૫ કરોડની આશ્યકતા હોવાથી જોગવાઈ કરવામાં આવી છે.ગુડાની બોર્ડ બેઠકમાં મુખ્ય કારોબારી અધિકારી, જિલ્લા પંચાયત પ્રમુખ હીનાબેન પટેલ, જિલ્લા કલેકટર તેમજ ઔડાના અધિક કલેકટર ઉપસ્થિત રહ્યા હતા.

## વિદ્યાર્થી ઝડપાયો

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિદ્યાર્થીના શર્ટની બાયમાંથી અપેક્ષિતના પાંચ પાના મળ્યા હતા. આ ઉપરાંત આ જ શાળાના બ્લોક નં. ૨ માંપેડ પર કાપલી રાખીને લખતા અન્ય એક વિદ્યાર્થીની સામે પણ કોપી કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જયારે માણસાની આર.બી.એલ.ડી. સ્કૂલ યુનિટ-૨માં પરીક્ષા આપતા એક વિદ્યાર્થીની બેન્સ નીચે કાપલી પડી હોવાથી ખંડ નિરિક્ષક ઉષાબેન રમણભાઈ પટેલે કાપલી પકડી વિદ્યાર્થી સામે કોપી કેસ દાખલ કરવા કાર્યવાહી હાથ ધરી હતી. જો કે આ તબક્કે વિદ્યાર્થીએ કાપલી મારી નથી મેં કાંઈ લખ્યું નથી તેવો બચાવ પણ કર્યો હતો.

## ચોતરફી મારથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

મર્યાદિત પ્રશ્ન રજુ કરવા જણાવ્યું હતું.

અધ્યક્ષશ્રીની ટિપ્પણી પછી સભ્યની વ્હારે વિપક્ષી નેતા શંકરસિંહ

## ટુંકી મુદતની જાહેર નિવિદા - ૯/૨૦૧૪-૧૫

જિલ્લા પંચાયત, ગાંધીનગર
સેક્ટર-૧૭, ત્રીજો માળ

કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ. વિભાગ, જિલ્લા પંચાયત, ગાંધીનગર ૩૮૨૦૧૭ (ફો નં. ૦૭૯-૨૩૨૫૬૯૬૮)ની કચેરી દ્વારા ગુજરાત રાજ્યના બાંધકામ ખાતા દ્વારા માન્ય ઈજારદારશ્રી પાસેથી આપેલ સમયમર્યાદામાં ટેન્ડર મંગાવવામાં આવે છે. જેમાં ટેન્ડર આપવાની તેમજ પરત લેવાની તારીખો નીચે મુજબ છે. કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસબોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક કરવા વિનંતી છે. ભરેલ ટેન્ડર માત્ર આર.પી.એ.ડી.થી જ સ્વીકારવામાં આવશે.

| અ.નં. | કામનો નંબર | માન્ય ઈજારદારશ્રી માટે | |
|---|---|---|---|
| | | ટેન્ડર કોપી આપવાની છેલ્લી તારીખ | ટેન્ડર કોપી પરત લેવાની છેલ્લી તારીખ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ૧ | ૧૯-૩-૨૦૧૫ | ૨૬-૩-૨૦૧૫ |

માહિતી/૨૬૩૯/૨૦૧૪-૧૫

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK 500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR. FIXIT

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઇંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૯૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.